| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | ૧૨ | ૦૩ | ૨૦૦૮ |
| દાખલ તારીખ : | ૧૨ | ૦૩ | ૨૦૦૮ |
| ફેંસલ તારીખ : | ૨૨ | ૧૦ | ૨૦૨૪ |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૧૬ | ૦૭ | ૧૦ |

**શ્રી એચ. એ. ભુતવાલા, પ્રમુખ અધિકારી, મજૂર અદાલત નં.૧, અમદાવાદ સમક્ષ.**

**રેફરન્સ–ટી (એલ.સી.એ) નં.૧૮૬/૨૦૦૮.**
**આંક–૫૫.**

**પ્રથમ પક્ષકાર :–**

**૧.** **મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,**
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,
દાણાપીઠ, અમદાવાદ–૧.

**: વિ રૂ ઘ્ધ :**

**બીજા પક્ષકાર :–**

**૧.** શ્રી જેઠાભાઈ મગનભાઈ પરમાર, (ચાલુ કામે મરણ)
ના વારસદાર **શ્રી નટવરભાઈ જેઠાભાઈ પરમાર.**
ઠેકાણું : મ્યુનિસિપલ નોકર મંડળ,
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,
દાણાપીઠ, અમદાવાદ.

વિષય : આઈ.ડી.એકટની ક.૧૦ (૧) (સી) મુજબ.

પ્રથમ પક્ષકાર તરફે : વિ. વ. શ્રી જે. ડી. ચાલીસહજાર.
બીજા પક્ષકાર તરફે : વિ. વ. શ્રી એ. જી. પાંડે.

**–:: <u>એ વો ર્ડ</u> ::–**

**૧.** મદદનીશ શ્રમ આયુકતશ્રી અમદાવાદે તેમના તા.૨૯/૦૨/૨૦૦૮ ના હુકમ નંબર : કેએચ/ એસએચએમસી–આર/ એજે–૫૯૫/૦૭ આઈડીઆર થી સદરહુ રેફરન્સ ન્યાય નિર્ણય અર્થે અત્રેની અદાલતને સુપ્રત

કરવામાં આવેલ છે.

**: અ નુ સૂ ચિ :**

**–––––––**

'' શ્રી જેઠાભાઈ મગનભાઈ પરમારને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુન: સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? ''

**૨.** હાલના રેફરન્સના કામે આ હુકમમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકારને ''**સામાવાળા**'' અને બીજા પક્ષકારને ''**અરજદાર**'' તરીકે સંબોધવામાં આવેલા છે.

**૩.** પક્ષકારોને આંક–૨ થી નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ, જે નોટીસ બેલીફ ધ્વારા પક્ષકારોને બજાવવામાં આવેલ છે. અરજદાર તરફે આંક–૮ થી માંગણાનું નિવેદન રજૂ કરેલ છે. જેની ટૂંકી વિગત એવી છે કે, સામાવાળા સંસ્થાને મજૂર કાયદાઓ લાગુ પડે છે અને મજૂર કાયદાની જોગવાઈઓનું પાલન કરવાની જવાબદારી સામાવાળાની છે. વધુમાં અરજદાર સામાવાળામાં હેલ્થ ખાતામાં કાયમી કામદાર તરીકે છેલ્લાં ઘણાં વર્ષોથી નોકરીની ફરજો વફાદારી પુર્વક બજાવતા હતા. અરજદારની નોકરીનો રેકોર્ડ કિલન હતો. અરજદારને કોઈ નોટીસ, મેમો કે ઠપકો આપવામાં આવેલ નથી. સામાવાળાએ અરજદારની અભણતાનો લાભ ઉઠાવી અરજદારને બચાવ રજૂ કરવા કોઈપણ જાતની તક આપ્યા વિનાં અન્યાયી રીતે કુદરતી ન્યાયના સિધ્ધાંતોનું પાલન ન કરી પુરેપુરી તપાસ ચલાવેલ નથી. અરજદારે તેમની સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસ મંજૂર ન હોવાનું અને ખાતાકીય તપાસ કાયદેસર છે કે કેમ તે પ્રાથમિક મુદ્દો નકકી કરવા અરજ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, અરજદાર નોકરી સમય દરમ્યાન તા.૩૦/૦૮/૨૦૦૪ થી તા.૨૩/૦૯/૨૦૦૫ માટે ઠકકરબાપા નગર વોર્ડમાં

નોકરી કરતા હતા. આ સમયગાળા દરમ્યાન અરજદારને કમળો થયેલ હોવાથી ઉપરી અધિકારીશ્રી તેમજ કોર્પોરેશનના અધિકારીઓને મૌખિકમાં રજાની જાણ કરેલ. તે સમયે સામાવાળાએ રજા મંજૂર કરવાની અરજીના અનુસંધાનમાં અરજદાર પાસેથી કોરા કાગળોમાં અરજદારનો અંગૂઠો કરાવેલ અને અજદારને જણાવેલ કે "તું હવે જા, અમે આમાં દર વખતની જેમ તારી રજા બાબતે લખી લઈશું. તું તારો અંગૂઠો કરીને જતો રહે અને તારી સારવાર કરાવ." અરજદારે ઉપરી અધિકારીશ્રીઓના વિશ્વાસ અને ભરોસા મુજબ સહી કરી પરત ગયેલ અને આમ અરજદારે રજા મંજૂર કરાવેલ. અરજદારે કમળા બાબતે ઘરગથ્થું આયુર્વેદીક ઈલાજો કરતા હતા અને આ રોગના લીધે અરજદાર ખૂબ જ અશકત અને શારીરિક રીતે નબળાં થઈ ગયેલ, જે સારૂ થતાં તા.૨૯/૦૯/૨૦૦૫ સુધીનો સમય લાગેલ. અરજદાર આ સમય દરમ્યાન રજા વધારવા માટે તેમના કુટુંબીજનો ધ્વારા રૂબરૂ તથા ફોનથી જાણ કરતા હતા. તે સમયે ત્યાં ફરજ પરના અધિકારીઓએ અરજદારને તેમજ કુટુંબીઓને એવો દિલાસો આપેલ કે તમે સારવાર સારી રીતે કરાવો, અહીં ઓફીસ રજા બાબતેની કાર્યવાહી કરી લઈશું. જેથી તે વિશ્વાસે કોઈ વિગતવાર તપાસ કરેલી નહિ. દર વખતની જેમ અરજદારનો અંગૂઠો અધિકારીશ્રી ધ્વારા આપવામાં આવતા કોરા કાગળમાં કરી રજા વધારવાની અરજી મોકલી આપતા હતા. અરજદારે રજા વધારવા બાબતે કોઈ બેદરકારી દાખવેલ નથી કે કયારેય પણ જાણ વગર રજા ઉપર ગયેલ નથી. વધુમાં અરજદાર તા.૨૭/૦૯/૨૦૦૫ ના રોજ કામ ઉપર હાજર થવા ગયેલ ત્યારે અધિકારીશ્રીઓએ જણાવેલ કે, તમે લાંબી રજા લીધેલ છે, તે બાબતે મોટા સાહેબ તપાસ કરશે પછી તમને કામે રાખવામાં આવશે. તમે હાલમાં ઘરે જતા રહો, તમને કામે રાખવાના નથી તેવું કહી અરજદારને મૌખિક હુકમથી કામ પરથી બંધ કરી દીધેલ.ત્યારબાદ અરજદાર રોજેરોજ કામે હાજર થવા જતાં પરંતુ સામાવાળા કામે રાખતા ન હતા.

અરજદારને તા.૦૬/૧૨/૨૦૦૫ ના રોજનું તોહમતનામું નં.૧૫૪/૦૫–૦૬ આપેલ અને ઈન્કવાયરી ચાલુ કરેલ. જેમાં અરજદાર હાજર રહેતા હતા, પરંતુ અરજદારને કાગળો આપતા ન હતા તેમજ કશું પુછતાં ન હતા. તપાસમાં હાજર રહેલ અધિકારીશ્રીઓ તેમની મરજી મુજબ લખાણ કરી લેતા અને અરજદાર પાસે માત્ર સહી બાબતે અરજદારનો અંગૂઠો કરાવી લેતા. પરંતુ તેમાં શું લખેલ છે કે નથી લખેલ તે અરજદારને વાંચીને સંભળાવતા ન હતા કે તેની કોઈપણ જાતની નકલ આપતા ન હતા. આમ અરજદાર ઉપર કિન્નાખોરી રાખતાં અધિકારીશ્રીઓ દ્વારા છેતરપિંડી કરેલ છે અને કામ પરથી કાઢી મુકવાનો લેખિત હુકમ આપતા અરજદારને તેની જાણ થયેલ. જેથી અરજદારે મજૂર કમિશ્નરની કચેરીમાં કામે રાખવા બાબતે કેસ દાખલ કરેલ, જે કેસ નામદાર અદાલતમાં ન્યાય નિર્ણય અર્થે મોકલી આપેલ છે. અરજદાર ચાલુ ઈન્કવાયરી દરમ્યાન તેમજ રોજેરોજ સંસ્થાના અધિકારીશ્રીઓને કામે રાખવા જણાવતા હતા અને કામે હાજર થવા જતા હતા, પરંતુ તેઓ રાખતા ન હતા. વધુમાં સામાવાળા દ્વારા અરજદાર વિરૂધ્ધ કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ મનસ્વી રીતે ખાતાકીય તપાસ ચલાવી અરજદારને તા.૧૪/૦૭/૨૦૦૭ ના રોજ બરતરફીનો હુકમ કરી અરજદારને કામ પરથી છૂટા કરી દીધેલ છે. જે સામાવાળા સંસ્થાનું પગલું તદ્દન ગેરકાયદેસર હોય આથી તે રદ થવાને પાત્ર છે. વધુમાં અરજદારે સામાવાળા સંસ્થામાં નોકરીના દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધારે દિવસો નોકરીની ફરજો વફાદારી પુર્વક બજાવેલ છે. અરજદારને છૂટા કર્યા બાદ અરજદારે બીજી ઘણી જગ્યાએ કામ મેળવવા બાબતે પ્રયત્નો કરેલ, પરંતુ કામ મળેલ નથી અને હાલમાં બેકાર છે. અરજદારે દાદ માંગેલ છે કે, અરજદારની સામાવાળા સંસ્થાના અધિકારીશ્રીઓ દ્વારા મનસ્વી તેમજ કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ જે ખાતાકીય તપાસ કરેલ છે તે તદ્દન ખોટી કરેલ હોય તેમજ કાયદાના સિધ્ધાંત

અનુસાર કરેલ ન હોય ખાતાકીય તપાસબાદ અરજદારને નોકરીમાંથી બરતરફીનો હુકમ કરી સંસ્થામાંથી અરજદારને છૂટા કરવાનું પગલું તદ્દન ગેરકાયદેસર, ગેરવ્યાજબી, અયોગ્ય અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું અને જોહુકમી હોય તેને રદ કરવાનો હુકમ ફરમાવવા તથા સામાવાળા સંસ્થાએ અરજદારને તા.૧૪/૦૭/૨૦૦૭ ના રોજ જે બરતરફીનો હુકમ કરેલ છે તે તારીખથી અરજદારને પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત સળંગ સર્વિસથી તમામ આનુષાંગિક હકકો–લાભો સહિત કામે રાખે તેવો હુકમ ફરમાવવા અને આ રેફરન્સના ખર્ચના રૂા.૧૦,૦૦૦/– સામાવાળા ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ કરેલ છે.

**૪.** સામાવાળા તરફે આંક–૯થી લેખિત જવાબ રજૂ કરેલ છે. જેમાં સામાવાળાએ અરજદારના માંગણાંના નિવેદનની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, અરજદાર સામાવાળા સંસ્થા કોર્પોરેશન હેલ્થ ઉત્તર ઝોન ઠકકર નગર વોર્ડ ખાતામાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા હતા. અરજદાર ફરજ દરમ્યાન તા.૦૩/૦૮/૨૦૦૪ થી તા.૨૩/૦૩/૨૦૦૫ સુધી સતત અગાઉથી રજા મંજૂર કરાવ્યા વગર કે ખાતાના અધિકારીની પૂર્વમંજૂરી મેળવ્યા સિવાય કે ખાતાને જાણ કર્યા સિવાય મનસ્વી રીતે ફરજ પરથી ગેરહાજર રહયાં હતા. અરજદારને ગેરહાજરી બાબતે તા.૨૫/૦૫/૨૦૦૪, તા.૩૦/૦૯/ ૨૦૦૪, તા.૨૭/૦૨/૨૦૦૫, તા.૧૩/૦૫/૨૦૦૫ તથા તા.૨૫/૦૬/૨૦૦૫ ના રોજ આપેલ જાવકોનો કોઈ સંતોષકારક ખુલાસો ન કરીને તા.૨૩/૦૯/ ૨૦૦૫ સુધી ગેરહાજર રહીને ગંભીર ગેરશિસ્ત આચરેલ હતી તેથી તા.૦૬/૧૨/ ૨૦૦૫ ના રોજનું તહોમતનામું નં.૧૫૪/૦૫–૦૬ આપી અરજદારને દિન–૧૦ ની અંદર આ આરોપોનો ખુલાસો અને લેખિત બચાવનામું રજૂ કરવા માટે જણાવેલ હતું. વધુમાં અરજદાર સામે તા.૦૬/૧૨/૨૦૦૫ ના ખાતાકીય

તપાસના હુકમથી ખાતાકીય તપાસ હાથ ધરેલ. તપાસ અધિકારી તરીકે શ્રી પી. એમ. જૈનની નિમણૂંક કરવામાં આવેલી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વતી રજૂઆત કરવા માટે ઉત્તર ઝોન ઠક્કરનગર વોર્ડ ખાતામાં પ.હે.સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા શ્રી ભીખાભાઈ પટેલની પ્રેઝન્ટીંગ ઓફીસર તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. વધુમાં અરજદારની ખાતાકીય તપાસ તા.૨૬/૧૨/૨૦૦૫ ના રોજ રાખી હતી. ખાતાકીય તપાસના દરેક તબક્કે અરજદારને બચાવની તક આપવામાં આવેલ છે અને કુદરતી ન્યાયના સિધ્ધાતોનું પાલન કરવામાં આવેલ છે. ખાતાકીય તપાસ સંપુણપણે કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસારની હતી. તપાસ અધિકારીએ પોતાના તટસ્થ અને વ્યાજબી કારણો આપેલા અને આક્ષેપ પુરવાર થતાં કારણદર્શક નોટીસ આપવામાં આવેલી. ત્યારબાદ અરજદારને બરતરફીનો હુકમ આપીને બરતરફ કરવામાં આવેલ છે. તપાસ અધિકારીએ તા.૦૬/૦૧/૨૦૦૬ ના રોજ કોર્પોરેશનની સક્ષમ સત્તા સમક્ષ તપાસ રીપોર્ટ રજૂ કરેલ. સક્ષમ સત્તાએ તપાસ અધિકારીના તારણો સાથે સંમત થઈને અરજદારની ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને તા.૦૪/૦૨/૨૦૦૬ ના રોજની બીજી કારણદર્શક નોટીસ નં.૩૫૫ અરજદારને આપેલ. પરંતુ ત્રણ માસથી વધુ સમય થયા બાદ અરજદારે ખુલાસો કરેલ. અરજદારની ગુનાની ગંભીરતાને તથા અરજદારના ભુતકાળના રેકર્ડને જોઈને સામાવાળા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને તા.૦૪/૦૭/૨૦૦૬ ના હુકમ નં.આઈ.આર.ઈએસટી–૩૦૪૪ ના હુકમથી અરજદારને મ્યુનિસિપલ કોર્પોરેશનની નોકરીમાંથી દૂર કરવાનો હુકમ કરેલ અને આ હુકમ અરજદારને મળી ગયેલ. વધુમાં અરજદારનો ભુતકાળનો રેકર્ડ જોતાં અરજદારે તા.૨૮/૧૦/ ૧૯૯૭ ના રોજ દારૂ પીધેલી હાલતમાં સેનેટરી સબ ઈન્સ્પેકટર શ્રી હનીફભાઈ જી. શેખનું સ્કુટર પકડી, ઉધ્ધત ભાષા બોલી, ગાળો બોલી, માર–મારવાની

ધમકી આપેલી તથા અન્ય સ્ત્રી સફાઈ કર્મચારીને નામે શ્રી પાર્વતીબેન જયંતિભાઈની છેડતી કરી ગાળો બોલેલ અને તા.૨૯/૧૦/૧૯૯૭ ના રોજ દારૂ પીધેલી હાલતમાં સેનેટરી સબ ઈન્સ્પેકટર શ્રી જયપ્રકાશ કે. શાહ, શ્રી સમીમુદ્દીન શેખ તથા હનીફભાઈ જી. શેખને ગાળો બોલી, ટાંટીયા તોડી નાંખવાની અને મારી નાંખવાની ધમકી આપેલી. આ બદલ તેઓને તહોમતનામું આપી ખાતાકીય તપાસ કરેલી અને ગુનો સાબિત થતાં અરજદારને તા.૧૦/૧૧/૨૦૦૦ ના હુકમથી નોકરીમાંથી છૂટા કરવામાં આવેલ. આ હુકમની સામે અરજદારે બી.પી.એમ.સી. એકટની કલમ–૫૪(૪) હેઠળ દયાની અરજી કરેલ અને આ દયાની અરજીની ચર્ચા–વિચારણાને અંતે સ્ટેન્ડીંગ કમિટીએ છૂટા કરવાના હુકમને રદ કરીને અરજદારને છેલ્લે મળતા બેઝિક પગારમાંથી બે ઈન્ક્રીમેન્ટ સ્ટેજે કાયમી ધોરણે નીચે ઉતારી બીજા ઝોનમાં ટ્રાન્સફર કરેલા તેમજ રીમુવ કર્યા તારીખથી આ હુકમ સુધીનો પગાર, કપાત પગાર ગણેલો તથા એક માસનો નોટીસ પગાર ફરજ ઉપર હાજર થતાં તાત્કાલિક રીતે જમા કરાવવાનો હુકમ કરેલ. આમ અરજદારનો ભુતકાળનો રેકર્ડ જોતાં પણ અરજદાર ગંભીર પ્રકારની ગેરવર્તણૂંક અને ગેરશિસ્ત આચરવા માટે ટેવાયેલા અને રીઢા થયેલ છે તે સાબિત થાય છે. વધુમાં અરજદારે નોકરીમાંથી છૂટા કરવાના હુકમની સામે બી.પી.એમ.સી. એકટની કલમ–૫૬(૪) મુજબ દયાની અરજી અપીલ કરી હતી, પરંતુ આ અપીલ તા.૨૪/૦૭/૨૦૦૮ ના રોજ રદ કરવામાં આવી હતી. વધુમાં અરજદારે જે ગેરવર્તણૂંક કરી હતી તે ખૂબ જ ગંભીર પ્રકારની હતી અને તે કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાય નહિ. અરજદારની ગેરવર્તણૂંક, અરજદારની ખાતાકીય તપાસમાં પુરવાર થઈ હોય તેમજ અરજદારે ખાતાકીય તપાસમાં ગુનો કબૂલ–મંજૂર રાખ્યો હતો. અરજદારને બચાવ માટે પુરતી અને વ્યાજબી તકો આપવામાં આવી હતી. આમ તપાસ અધિકારીએ અરજદારની

કરવામાં આવેલ ખાતાકીય તપાસ ઉપરથી જે તારણો આપ્યા છે તે યોગ્ય, ન્યાયી, કાયદેસરના અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસારના છે અને આ તારણોના આધાર ઉપર અરજદારને સામાવાળા કોર્પોરેશનની નોકરીમાંથી બરતરફ કરવાનો જે હુકમ કરેલ છે તે કાયદેસરનો, યોગ્ય, વ્યાજબી અને ન્યાયી હોય અરજદારનો આ રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં અરજદારે ખાતાકીય તપાસમાં તેમના બચાવના પ્રતિનિધી સાથે હાજર રહીને પોતાનો ગુનો પણ કબૂલ રાખેલ હતો. આમ અરજદારે માંગણાનાં નિવેદનમાં માંગેલ કોઈપણ દાદ માંગવા કે મેળવવા હકદાર થતા ન હોય અરજદારનો આ રેફરન્સ ખર્ચ સહિત રદ થવાને પાત્ર હોય રદ કરવા અરજ કરેલ છે.

**પ.** આ કામના કામદાર એટલે કે મૂળ અરજદાર રેખાબેન મગનભાઈ પરમાર તા.૧૨/૦૧/૨૦૧૭ ના રોજ અવસાન પામતાં તેમના પુત્ર નટવરભાઈ જેઠાભાઈને પક્ષકાર તરીકે જોડવાની આંક–૧૩ થી અરજી આપવામાં આવેલ, જે અરજી મંજૂર કરવામાં આવેલ છે. ત્યારબાદ અરજદાર પક્ષે આંક–૨૦ થી સુધારેલું માંગણાનું નિવેદન રજૂ કરેલ. સામાવાળાએ આંક–૨૧ થી સુધારેલ માંગણાનાં નિવેદનનો જવાબ રજૂ કરેલ છે. આંક–૨૧ ના જવાબમાં અગાઉના મૂળ જવાબની કેટલીક હકીકતો શરતચૂકથી રહી જતાં સામાવાળાએ તા.૧૦/૦૯/૨૦૨૪ ના રોજ દલીલના તબકકે સુધારેલ જવાબ રજૂ કરતાં તે આંક–૨૧ સાથે સામેલ રાખેલ છે.

**૬.** મૂળ કામદાર અવસાન પામતાં તેમના વારસદાર નટવરભાઈ જેઠાભાઈ પરમારે ખાતાકીય તપાસની કાયદેસરતા મુદ્દે આંક–૨૯ થી સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ. ત્યારબાદ અરજદાર પક્ષે આંક–૩૩ થી પુરસીસ આપી મૂળ કામદાર અવસાન પામેલ હોય ખાતાકીય તપાસને પડકારતા ન હોવાનું અને આંક–૨૯ થી રજૂ કરેલ ખાતાકીય તપાસની કાયદેસરતા મુદ્દેનું સોગંદનામું

નોટપ્રેસ કરતા હોવાનું જાહેર કરેલ છે.

**૭.** અરજદાર તરફે નીચે મુજબનો પુરાવો રજૂ કરેલ છે.

**: મૌખિક પુરાવા :**

| **ક્રમ.** | **વિગત.** | **આંક.** |
|---|---|---|
| ૧. | અરજદારના વારસદાર નટવરભાઈ જેઠાભાઈ પરમારનું સરતપાસનું સોગંદનામું. | ૪૩ |

૮. અરજદાર સાહેદની સામાવાળાના વિ.વ.શ્રી દ્વારા વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે.

૯. સામાવાળાએ આંક–૪૬ થી કલોઝીંગ પુરસીસ આપી આ કામે કોઈ મૌખિક પુરાવો રજૂ કરવા માંગતા નથી તેમ જાહેર કરેલ છે. સામાવાળાએ નીચે મુજબના ખાતાકીય તપાસના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

**: દસ્તાવેજી પુરાવા :**

| **ક્રમ.** | **વિગત.** | **નિશાની.** |
|---|---|---|
| ૧. | તા.૦૬/૧૨/૨૦૦૫ ના ચાર્જશીટ (આક્ષેપ પત્રક, દસ્તાવેજી પુરાવા પત્રક, સાક્ષી પુરાવા પત્રક) ની ખરી નકલ પાન નં.૧ થી ૮. | ૧૦/૧ |
| ૨. | ખાતાકીય તપાસ અને ઈન્કવાયરી ઓફીસરના નિમણૂંક તા.૦૬/ ૧૨/૨૦૦૫ ના હુકમની ખરી નકલ. | ૧૦/૨ |
| ૩. | પ્રેઝન્ટીંગ ઓફીસરની નિમણૂંકના હુકમની તા.૦૬/૧૨/૨૦૦૫ ની ખરી નકલ. | ૧૦/૩ |
| ૪. | ઈન્કવાયરી પ્રોસીડીંગ્સ પાન નં.૧ થી ૪ ની ખરી નકલ. | ૧૦/૪ |
| ૫. | તા.૦૬/૦૧/૨૦૦૬ ના ઈન્કવાયરી ઓફીસરના રીપોર્ટ પાન નં.૧ થી ૨ ની ખરી નકલ. | ૧૦/૫ |
| ૬. | તા.૦૪/૦૨/૨૦૦૬ ની ફાઈનલ શોકોઝ નોટીસની ખરી નકલ. | ૧૦/૬ |
| ૭. | તા.૧૪/૦૭/૨૦૦૬ ના નોકરીમાંથી દુર (રીમુવ) કરવાના હુકમની ખરી નકલ. | ૧૦/૭ |

| | | |
|---|---|---|
| ૮. | સામાવાળાએ બી.પી.એમ.સી. એકટની કલમ–૫૬(૪) મુજબ કરેલ તા.૦૪/૦૯/૨૦૦૬ ની દયાની અરજીની ખરી નકલ. | ૧૦/૮ |
| ૯. | સામાવાળાએ બી.પી.એમ.સી. એકટની કલમ–૫૬(૪) મુજબ કરેલ તા.૦૪/૦૯/૨૦૦૬ ની દયાની અરજીના અનુસંધાને મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ, મ્યુનિસિપલ સેક્રેટરીશ્રીને તા.૨૫/૦૧/૨૦૦૭ ના રોજ લખેલ પત્રની ખરી નકલ પાન નં.૧ થી ૨. | ૧૦/૯ |
| ૧૦. | સામાવાળાએ બી.પી.એમ.સી. એકટની કલમ–૫૬(૪) મુજબ કરેલ તા.૦૪/૦૯/૨૦૦૬ ની દયાની અરજીની બાબતે અપીલ સબ કમીટીએ દયાની અરજીની અપીલ રદ કર્યાનો ઠરાવ નં.૧૮ તા.૧૦/૦૮/૨૦૦૭ ની ખરી નકલ. | ૧૦/૧૦ |
| ૧૧. | અપીલ સબ કમીટીએ તા.૧૦/૦૮/૨૦૦૭ ના રોજ અપીલ રદ કર્યા અંગેની મ્યુનિસિપલ સ્ટેન્ડીંગ કમીટીને કરેલ જાણ અંગેનો ઠરાવ નં.૭૭૨ તા.૩૦/૦૮/૨૦૦૭ પાન નં.૧ થી ૬ ની ખરી નકલ. | ૧૦/૧૧ |
| ૧૨. | સામાવાળા સંસ્થાએ અરજદારને આપેલ હુકમ આઈ.આર. ૯૪/૧૦–૧૧ ૨૦૦૦ ની ખરી નકલ. | ૧૧/૧ |
| ૧૩. | સામાવાળા સંસ્થાએ અરજદારને આપેલ હુકમ આઈ.આર. ૧૫૧/૧૩–૩–૦૧ ની ખરી નકલ. | ૧૧/૨ |
| ૧૪. | સામાવાળા સંસ્થાના ઓફીસ ઓર્ડરની ખરી નકલ. | ૧૧/૩ |

**૧૦.** અરજદાર તરફે વિ. વ. શ્રીની વિગતવાર દલીલ સાંભળી. તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે સામાવાળા સંસ્થામાં સ્ટેન્ડીંગ કમીટીમાં બીમારીના કારણસર અરજી/અપીલ કરેલી. સામાવાળાએ જવાબના પેરા–૫ (૧) માં નવી હકીકત જણાવી સુધારેલ જવાબ રજૂ કરેલ છે. છેડતીના આક્ષેપો બાબતના કોઈ દસ્તાવેજો રજૂ કરેલ નથી કે તે બાબતે કોઈ સાહેદને તપાસેલ નથી. મૂળ કામદાર અવસાન પામતાં ઈન્કવાયરી કબૂલ રાખેલ છે અને મર્હુમના વારસદારને તે આક્ષેપો બાબતે જાત માહિતી ન હોય તે સ્વાભાવિક છે. ગેઈનકુલ એમ્પલોયમેન્ટ પૂરતો અરજદાર તરફે પુરાવો રજૂ કરેલ છે. મૂળ

કામદારને છૂટા કરી કોઈ હકકો કે લાભો ચુકવેલ નથી. તે સંજોગોમાં આઈ.ડી. એકટની કલમ–૧૧(એ) મુજબ કામદાર જીવ્યા ત્યાં સુધી તેઓને કાયમી ગણી હકકો–લાભો ચુકવી આપવા અરજ કરેલ છે. આ સંદર્ભે અરજદાર પક્ષે **મેસર્સ સ્કુટર ઈન્ડિયા લિ. –વિ– એમ. મહંમદ યાકુબ. ૨૦૦૧ એલ.એલ.આર. –૫૪** તેમજ **કુરૂક્ષેત્ર યુનિવર્સિટી –વિ– પૃથ્વી સિંઘ. ૨૦૧૮ એલ.એલ.આર.– ૩૭૧** ના નામદાર સુપ્રિમ કોર્ટના બે ચુકાદા રજૂ કરેલ છે.

**૧૧.** સામાવાળાએ તેમની દલીલમાં જણાવેલ છે કે, અરજદારે રજા મંજૂર કરાવ્યા વગર અને જાણ કર્યા વગર લાંબી રજા ઉપર રહેતાં કાયદેસરની પ્રક્રિયા હાથ ધરીને ખાતાકીય તપાસના અંતે મૂળ કામદારને નોકરીમાંથી છૂટા કરવામાં આવેલ છે. ખાતાકીય તપાસના કામે કામદારે આક્ષેપનો સ્વીકાર કરેલ છે. કામદાર અવસાન પામતાં તેમના વારસ તરફે આંક–૩૩ થી પુરસીસ આપી ઈન્કવાયરી કબૂલ રાખેલ છે તે સંજોગોમાં ફાઈન્ડીંગમાં દખલગીરી કરી શકાય નહિ. ઈન્કવાયરી એડમીટ કરેલ હોય ત્યારે આઈ.ડી.એકટની કલમ–૧૧ (એ) મુજબની સત્તા વાપરી શકાય નહિ. પૂર્વમંજૂરી વિના અથવા તો જાણ કર્યા વગર લાંબો સમય નોકરી ઉપર ગેરહાજર રહે તો તેવા કર્મચારી સહાનુભૂતિને પાત્ર નથી. અરજદાર સફાઈ કામદાર હોય અને સતત લાંબી ગેરહાજરીના કારણે કામગીરીમાં અગવડ પડતી હોય અને કામદારે રજાના કારણની જાણ સંસ્થાને કરેલ ન હોય કે રજાની મંજૂરી મેળવેલ ન હોય ફરજમાં ગંભીર બેદરકારી દાખવેલ હોવાનું રેકર્ડ પર આવેલ હોય ત્યારે કામદાર કે તેના વારસદાર કોઈ લાભ મેળવવા હકદાર બનતાં નથી. રજાનું કારણ માંગણાનાં નિવેદનમાં જણાવેલ નથી. કર્મચારીનો અગાઉનો સર્વિસનો રેકર્ડ પણ કલંકિત છે, અગાઉ પણ તેઓને વિવિધ ગંભીર આક્ષેપો બદલ સને–૨૦૦૦ માં છૂટા કરેલ હતા. સામાવાળા તરફે આંક–પર થી ચુકાદાનું લીસ્ટ રજૂ કરેલ છે, જે ચુકાદાઓ માનસહ વંચાણે લીધા.

(૧) ચેન્નાઈ મેટ્રોપોલીટન વોટર સપ્લાય એન્ડ સેવરેજ બોર્ડ એન્ડ અધર્સ –વિ– ટી. ટી. મુરલી બાબુ.

૨૦૧૪ એલ.એલ.આર.–૩૩૭ નામદાર સુપ્રિમ કોર્ટ.

(૨) મેસર્સ એલ. એન્ડ ટી. કોમાત્સુ લિમિટેડ –વિ– મિસ્ટર એન. ઉદયકુમાર.

૨૦૦૮ એલ.એલ.આર.–૧૧૩ નામદાર સુપ્રિમ કોર્ટ.

(૩) યુ.પી.સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન –વિ– વિનોદકુમાર.

૨૦૦૮(૧)એસસીસી(એલ એન્ડ એસ)–૧ નામદાર સુપ્રિમ કોર્ટ.

(૪) ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન –વિ– રવજીભાઈ માલદેભાઈ વારા.

૨૦૧૮ એલ.એલ.આર.–૩૯ નામદાર ગુજરાત હાઈકોર્ટ.

(૫) દયાનંદ પાસવાન –વિ– કોલ ઈન્ડિયા લિમિટેડ એન્ડ અધર્સ.

૨૦૧૬ એલ.એલ.આર.–૭૭૫ નામદાર કલકત્તા હાઈકોર્ટ.

(૬) પરષોત્તમભાઈ ખેમાભાઈ પાટડીયા –વિ– મેનેજર એન્ડ અધર્સ.

સ્પેશ્યલ સી.એ.નં.૮૧૧૪/૨૦૧૭ નામદાર ગુજરાત હાઈકોર્ટ.

(૭) પરષોત્તમભાઈ ખેમાભાઈ પાટડીયા –વિ– મેનેજર.

લેટર્સ પેટન્ટ અપીલ નં.૬૮૯/૨૦૨૧ નામદાર ગુજરાત હાઈકોર્ટ.

(૮) અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ –વિ– બોદર ઓગસ્ટીન ભુરજીભાઈ એન્ડ અધર્સ.

સ્પેશ્યલ સી.એ.નં.૧૩૩૮૧/૨૦૧૭ નામદાર ગુજરાત હાઈકોર્ટ.

(૯) અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ –વિ– વિનુભાઈ જે. ઘાંચી.

સ્પેશ્યલ સી.એ.નં.૬૬૩૨/૨૦૦૩ નામદાર ગુજરાત હાઈકોર્ટ.

**(૧૦)** શિરાજભાઈ આદમભાઈ વોરા –વિ– ઈન્ડિયન પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશન લિમિટેડ એન્ડ અધર્સ.

સ્પેશ્યલ સી.એ.નં.૧૬૮૫૭/૨૦૧૩ નામદાર ગુજરાત હાઈકોર્ટ.

**(૧૧)** કેન્દ્રીય વિદ્યાલય સંગઠન એન્ડ અધર્સ –વિ– એસ.સી.શર્મા.

૨૦૦૫ એલ.એલ.આર.–૨૭૫ નામદાર સુપ્રિમ કોર્ટ.

**(૧૨)** જિન્દારસિંગ બહરા –વિ– કાર્ગો મોટર્સ લિમિટેડ.

૨૦૦૭ (૧) જી.એલ.આર.–વોલ્યુમ–XLVIII ૪૫

નામદાર ગુજરાત હાઈકોર્ટ.

ઉભય પક્ષકારોની દલીલો સાંભળી તથા રજૂ ચુકાદાઓ અને તેમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લઈ આ કામ હુકમ ઉપર લેવામાં આવેલ છે.

**૧૨.** ઉપરોકત વિગતે રજુ થયેલ પક્ષ નિવેદન તેમજ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને દલીલ આધારે મારી સમક્ષ હાલના કેસમાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>– : : મુદ્દાઓ : : –</u>**

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળા સંસ્થાનું અરજદારને તા.૧૪/૦૭/૨૦૦૭ ના રોજથી નોકરીમાંથી બરતરફ કરવાનું પગલું ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને મજૂર કાયદાની પ્રસ્થાપિત જોગવાઈઓ વિરૂધ્ધનું છે ?

(૨) શું આ કામના અરજદાર પડેલા દિવસોના પગાર સહિત, સળંગ નોકરી સહિત પુન: સ્થાપિત થવાની દાદ મેળવવા કે અન્ય કોઈ દાદ મેળવવા હકકદાર છે ?

(૩) શું હુકમ ?

**૧૩.** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**૧૪.** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબના કારણો નીચે મુજબ છે.

આ કામના અરજદાર સામાવાળા સંસ્થામાં કાયમી સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા હતા, તે બાબતે કોઈ તકરાર નથી. કામદાર પૂર્વમંજૂરી વિનાં લાંબો સમય ફરજ ઉપર ગેરહાજર રહેતાં અને રજાના કારણની સંસ્થાને કે અધિકારીને જાણ ન કરતાં અરજદાર સામે ખાતાકીય તપાસ હાથ ધરી,ખાતાકીય તપાસની કાર્યવાહીના અંતે અરજદારને નોકરીમાંથી બરતરફ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. કામદારે પ્રાથમિક તબકકે તેઓ સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસની કાયદેસરતાને પડકારેલ. પરંતુ ચાલુ કામે મૂળ કામદાર અવસાન પામતાં તેમના પુત્રને આ કામે પક્ષકાર તરીકે જોડવામાં આવેલ છે. મર્હુમ કામદારના પુત્ર રેકર્ડ ઉપર આવ્યા બાદ તેઓએ આંક–૩૩ થી પુરસીસ આપી તેમના પિતા સામે ખાતાકીય તપાસને પડકારતાં નથી તેમ જાહેર કરેલ છે. ત્યારબાદ અરજદાર પક્ષે પડેલા દિવસોના પગાર તથા અન્ય લાભો મેળવવા સંદર્ભે પુરાવો રજૂ કરેલ છે.

**૧૫.** અરજદાર પક્ષની રજૂઆત છે કે, કામદારને કમળો થવાથી લાંબી સારવાર કરવી પડેલી અને અવાર નવાર તેઓએ સગા–સબંધી મારફતે સંસ્થાના અધિકારીઓને તેમની ગેરહાજરી/રજાના કારણની જાણ કરેલી. સામાવાળા સંસ્થાનો બચાવ છે કે કામદાર લાંબા સમય સુધી ફરજ ઉપર ગેરહાજર રહેતાં તેઓ સામે નિયમ અનુસાર કાર્યવાહી કરી કામદારને છૂટા કરેલ છે. આ સંદર્ભે રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લઈએ તો કામદાર તા.૩૦/૦૮/૨૦૦૪ થી

તા.૨૩/૦૯/૨૦૦૫ સુધી વગર મંજૂરીએ રજા ઉપર ગયેલ હતા. સામાવાળાના રેકર્ડ મુજબ અરજદાર તા.૦૩/૦૮/૨૦૦૪ થી તા.૨૩/૦૯/૨૦૦૫ સુધી વગર મંજૂરીએ અને જાણ કર્યા વગર ફરજ ઉપર ગેરહાજર રહેલ હતા. આ સમયગાળો ધ્યાને લેવામાં આવે તો તે સમયગાળો ૧ વર્ષ અને ૨૦ દિવસનો છે. આ સમયગાળો અને માંદગીનું કારણ ધ્યાને લેતાં સામાવાળા ગંભીર રીતે બીમાર હોય તો તે અંગે તેઓએ કોઈપણ ડોકટરી કે હોસ્પિટલનાં સારવારના કાગળો કે લેબોરેટરી રીપોર્ટ રજૂ રાખેલ નથી. કામદારે ઘરે હાજર રહી ઘરગથ્થું ઈલાજ કરેલાનું જણાવેલ છે, પરંતુ બીમારી સબબનો ગેરહાજરીનો સમયગાળો ધ્યાને લેતાં આ કારણ બિલકુલ વ્યાજબી અને ન્યાયી જણાતું નથી. ગંભીર બીમારીમાં એકવર્ષ ઉપરાંત કોઈપણ વ્યકિત ડોકટરી સારવાર ન લે તે કારણ સામાન્ય માણસની સમજમાં તથા માનવામાં ન આવે તે પ્રકારનું છે.

**૧૬.** અરજદાર પક્ષે ખાતાકીય તપાસ કબૂલ રાખ્યાં બાદ કામદાર સામે થયેલ ખાતાકીય તપાસના તારણો પરવર્સ છે અથવા તો ગુનાના પ્રમાણમાં સજા વધુ પડતી છે કે કેમ ? તે ધ્યાને લઈને આઈ.ડી.એકટ–૧૯૪૭ ની કલમ–૧૧ (એ) મુજબની સત્તાનો આ કોર્ટે ઉપયોગ કરવાનો રહે છે. અરજદારને ગેરહાજરી સબબ તા.૩૦/૦૯/૨૦૦૪, તા.૨૭/૦૨/૨૦૦૫, તા.૧૩/૦૫/૨૦૦૫, તા.૨૫/૦૬/૨૦૦૫ ના રોજ ગેરહાજરી સબબ ખુલાસો કરવા જાણ કરેલ હોવા છતાં કામદારે તેમની ગેરહાજરીનો કોઈ ખુલાસો કરેલ ન હોવાનું નિ.૧૦/૧ ના પત્રથી જણાય છે. કામદાર સામે ખાતાકીય તપાસ શરૂ કર્યા બાદ પ્રાથમિક નિવેદન સમયે કામદારે તપાસ અધિકારી રૂબરૂ તહોમતનામામાં બતાવેલ આક્ષેપોનો સ્વીકાર કરેલ છે. તપાસ અધિકારીના રીપોર્ટના આધારે કામદારને શો–કોઝ નોટીસ આપ્યા બાદ ૩ માસ સુધી કામદારે કોઈ ખુલાસો ન કરતાં મૂળ કામદાર જેઠાભાઈ મગનભાઈ પરમારને તાત્કાલિક અસરથી નોકરીમાંથી છૂટા

કરવાનો હુકમ તા.૧૪/૦૭/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ છે. સામાવાળાએ આંક–૧૧ ના લીસ્ટથી રજૂ કરેલ દસ્તાવેજો ધ્યાને લેતાં તેમાં અરજદાર સામે ત્રણ પ્રકારના ગંભીર આક્ષેપો મુકવામાં આવેલ હતા. તેઓને હુકમ આઈ.આર. નં.૯૪/૧૦–૧૧ ૨૦૦૦ ના હુકમથી અગાઉ પણ નોકરીમાંથી છૂટા કરવાનો હુકમ કરવામાં આવેલો. જે હુકમ સામે કામદારે સ્ટેન્ડીંગ કમીટી સમક્ષ બી.પી.એમ.સી. એકટની કલમ–૫૬(૪) મુજબ અપીલ કરતાં કામદારને નોકરીમાંથી રીમુવ (દૂર) કરવાનો હુકમ, રદ કરી તેમને મળતાં બેઝિક પગારમાંથી બે ઈન્ક્રીમેન્ટ સ્ટેજે કાયમી ધોરણે નીચે ઉતારવાનો અને પુન: નોકરીમાં લઈ બીજા ઝોનમાં ટ્રાન્સફર કરીને મુકવાનો ઠરાવ કરેલ અને તા.૧૫/૦૨/૨૦૦૧ થી તાત્કાલિક અસરથી સફાઈ કામદાર તરીકે નોકરીમાં હાજર થવા વિગેરે હુકમ કરેલ. જે સ્ટેન્ડીંગ કમીટી દ્વારા અપીલમાં લેવાયેલ નિર્ણય અનુસાર કામદારને ઉત્તર ઝોન, સરદાર નગરમાં બદલી કરી ત્યાં હાજર થવાનો હુકમ કરવામાં આવેલ, જે દસ્તાવેજો નિ.૧૧/૨ અને ૧૧/૩ થી રજૂ છે. આમ મૂળ કામદારનો સર્વિસ રેકર્ડ કલંકિત છે.મૂળ કામદાર આ તમામ હકીકતથી માહિતગાર હોવા છતાં તેઓએ માંગણાનાં નિવેદનમાં રેકર્ડથી તદ્દન વિરૂધ્ધની હકીકત જણાવી તેમનો ભુતકાળનો રેકર્ડ તદૃન કિલન અને બ્લોટલેશ હોવાનું તેમજ તેમને કયારેય કોઈ નોટીસ, મેમો કે ઠપકો આપવામાં ન આવેલ હોવાનું જણાવેલ છે, આમ કામદાર પ્રથમથી જ ખોટું બોલીને કોર્ટ સમક્ષ આવેલ છે.

**૧૭.** આ સંદર્ભે સામાવાળાએ રજૂ કરેલ **(૧) ચેન્નાઈ મેટ્રોપોલીટન વોટર સપ્લાય એન્ડ સેવરેજ બોર્ડ એન્ડ અધર્સ –વિ– ટી. ટી. મુરલી બાબુ. ૨૦૧૪ એલ.એલ.આર.–૩૩૭** નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે લાંબી ગેરહાજરીના કારણે કામદારના કામનો પ્રકાર ધ્યાને લેતાં સજારૂપે નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા હોય તો તે યોગ્ય છે. આ

કેસમાં મૂળ કામદાર સફાઈ કર્મચારી છે. સફાઈની કામગીરી રોજબરોજની અને નિયમિત પ્રકારની છે. આમ છતાં તે સંદર્ભે કામદાર બેદરકાર રહી સતત એક વર્ષ ઉપરાંત ફરજ ઉપર વગર મંજૂરીએ તેમજ જાણ કર્યા વગર ગેરહાજર રહેલ છે. સામાવાળા તરફે રજૂ **(૨) મેસર્સ એલ. એન્ડ ટી. કોમાત્સુ લિમિટેડ –વિ– મિસ્ટર એન. ઉદયકુમાર. ૨૦૦૮ એલ.એલ.આર.–૧૧૩** નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે કામદાર વારંવાર ગેરહાજર રહેવાની ટેવવાળો હોય અને તેની સામે શિસ્તના પગલાંરૂપે ખાતાકીય તપાસ બાદ નોકરીમાંથી દૂર કરવાનો હુકમ કરવામાં આવેલ હોય ત્યારે લેબર કોર્ટે તેમની સત્તાનો ખૂબ કાળજીપુર્વક ઉપયોગ કરવો જોઈએ. કામદારને નોકરીમાંથી દૂર કરવાનો હુકમ યથાવત રાખવામાં આવેલો અને તાબાની અદાલતો ધ્વારા નોકરીમાંથી દૂર કરવાના હુકમમાં કરવામાં આવેલ હસ્તક્ષેપ ભૂલભરેલ હોવાનું ઠરાવેલ. નામદાર કલકત્તા હાઈકોર્ટે **(૩) દયાનંદ પાસવાન –વિ– કોલ ઈન્ડિયા લિમિટેડ એન્ડ અધર્સ. ૨૦૧૬ એલ.એલ.આર.–૭૭૫** નામદાર કલકત્તા હાઈકોર્ટના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટનો ઉપરોકત **એલ.એન્ડ ટી. નો કેસ** રીફર કરી ઠરાવેલ છે કે કામદાર ૧૪ મહિના અનઅધિકૃત રીતે ગેરહાજર હોય અને ગેરહાજરીની એકપણ ઈન્ટીમેશન આપેલ ન હોય તો તેવા કામદાર પ્રત્યે સહાનુભૂતિ બતાવી શકાય નહિ અને તે ગંભીર ગેરશિસ્ત ગણાય. જો આવા ગેરશિસ્તને ઉદારતાથી લેવામાં આવે તો બીજા કામદારોમાં તેનો ખોટો મેસેજ જાય. સામાવાળાએ રજૂ કરેલ **(૩) યુ.પી.સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન –વિ– વિનોદકુમાર. ૨૦૦૮(૧) એસસીસી (એલ એન્ડ એસ) –૧** નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે કામદારને નોકરીમાં થી દૂર કરવા બાબતે માત્ર તપાસ અધિકારીના તારણો અને સજાનો ગુણદોષ પડકારેલ હોય, પરંતુ ખાતાકીય તપાસની કાયદેસરતા પડકારેલ ન હોય ત્યારે

લેબર કોર્ટ તપાસ અધિકારીના ફાઈન્ડીંગ ચકાસી શકે નહિ. સામાવાળા તરફે રજૂ **ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન –વિ– રવજીભાઈ માલદેભાઈ વારા. ૨૦૧૮ એલ.એલ.આર.–૩૯** ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે જયારે કામદારે ખાતાકીય તપાસની કાયદેસરતા સ્વીકારેલ હોય ત્યારે લેબર કોર્ટ ઘ્વારા આઈ.ડી.એકટની કલમ–૧૧(એ) નો ઉપયોગ કરીને શિસ્તપાલન અધિકારી ઘ્વારા લેવામાં આવેલ નિર્ણય રદ કરવાનો હુકમ, ન્યાયી ન હોવાનું જણાવેલ છે. સામાવાળા તરફે રજૂ **શિરાજભાઈ આદમભાઈ વોરા –વિ– ઈન્ડિયન પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશન લિમિટેડ એન્ડ અધર્સ. સ્પેશ્યલ સી.એ.નં.૧૬૮૫૭/૨૦૧૩** નામદાર ગુજરાત હાઈકોર્ટ ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે કામદારને જુદા જુદા વર્ષોમાં મેમો અને ચાર્જશીટ આપવામાં આવેલા. કામદારનો ભુતકાળ અને વર્તણૂંક ઘ્યાને લેતાં લેબર કોર્ટ આઈ.ડી.એકટની કલમ–૧૧(એ) મુજબ કામદારને નોકરીમાંથી બરતરફ કરવાની સજામાં હસ્તક્ષેપ કરી શકે નહિ. **પરષોત્તમભાઈ ખેમાભાઈ પાટડીયા –વિ– મેનેજર એન્ડ અધર્સ સ્પેશ્યલ સી.એ.નં.૮૧૧૪/૨૦૧૭** ના કેસમાં કામદાર ૨૪૩ દિવસ વગર પરવાનગીએ ગેરહાજર રહેલાં અને ખાતાકીય તપાસ લેબર કોર્ટ સમક્ષ પડકારેલ નહિ તે સંજોગોમાં કામદારને કરવામાં આવેલ સજા યોગ્ય અને ન્યાયી છે કે નહિ. સદર કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે જયારે લેબર કોર્ટ એવા તારણ ઉપર આવે કે કરવામાં આવેલ સજા યોગ્ય અને ન્યાયી છે, તો ત્યારે લેબર કોર્ટ આઈ.ડી.એકટની કલમ–૧૧(એ) નો ઉપયોગ કરી સંસ્થા ઘ્વારા કરવામાં આવેલ સજામાં હસ્તક્ષેપ કરી શકે નહિ. કામદાર પૂર્વ મંજૂરી વિનાં ગેરહાજર રહેતાં તેમની સામે ખાતાકીય તપાસ કરી નોકરીમાંથી છૂટા કરવાનો હુકમ યોગ્ય હોવાનું ઠરાવેલ. સદર હુકમ નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચમાં પણ માન્ય રાખવામાં આવેલ.

**અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ –વિ– બોદર ઓગસ્ટીન ભુરજીભાઈ એન્ડ અધર્સ. સ્પેશ્યલ સી.એ.નં.૧૩૩૮૧/૨૦૧૭** નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં ઠરાવેલ છે કે કલમ–૧૧(એ) ની સત્તાનો ઉપયોગ કરતાં સમયે કામદારનો ભુતકાળ તેમજ તેની ઉંમર અને કમાવાની શકિત ધ્યાને લેવી જોઈએ. **અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ –વિ– વિનુભાઈ જે. ઘાંચી. ૨૦૧૨ (૨) એલ.એલ.જે – ૮૧૧** નો ચુકાદો રીફર કરી તેમાં ઠરાવેલ છે કે કામદારને ગેરહાજરીના કારણસર નોકરીમાંથી દૂર કરવાનો નિર્ણય યોગ્ય હોય ત્યારે આઈ.ડી.એકટની કલમ–૧૧(એ) મુજબ બરતરફીનો હુકમ લેબર કોર્ટ ધ્વારા રદ કરવામાં આવેલ તે હુકમ સેટ–એ–સાઈડ કરેલ. જયારે કામદાર જાહેર સેવામાં હોય અને તેની ગેરહાજરીની વ્યાપક અસર પડતી હોય અને લાંબા સમયની ગેરહાજરીનું યોગ્ય કારણ ન હોય ત્યારે લેબર કોર્ટે કલમ–૧૧(એ) ની સત્તાનો ઉપયોગ કરી કામદારને નોકરીમાં પુન: સ્થાપનનો હુકમ કરેલ તે ભૂલ ભરેલ હોવાનું ઠરાવેલ છે.

**૧૮.** આ કામનાં કામદારે ખાતાકીય તપાસમાં આક્ષેપનો સ્વીકાર કરેલ છે, કામદારનો ભુતકાળ અને તેમની સામે ભુતકાળમાં કરવામાં આવેલ બરતરફીનો અને ત્યારબાદ અપીલના કામે તે સજા હળવી કરી બે ઈન્ક્રીમેન્ટ ઘટાડવાનો હુકમ, કામદાર સફાઈની આવશ્યક જાહેર સેવામાં ફરજ બજાવતા હોવા છતાં એક વર્ષ ઉપરાંતની ફરજ ઉપરની ગેરહાજરી, ગેરહાજરી સબંધે સંસ્થાને કે અધિકારીને જાણ કરેલ ન હોય, બીમારીની સારવારના કોઈ આધાર–પુરાવા ન હોય તે સંજોગોમાં કામદારે સ્વીકારેલ આક્ષેપોના આધારે કામદારને નોકરીમાંથી રીમુવ (દૂર) કરવાનો જે હુકમ કરવામાં આવેલ છે તે યોગ્ય અને કાયદેસર હોવાનું જણાય છે. સામાવાળાએ રજૂ કરેલ ઉપરોકત ચુકાદાઓ અને વગર મંજૂરીએ લાંબી ગેરહાજરી અને તેના કારણોની જાણ ન કરવા સબબ

ખાતાકીય તપાસના અંતે અરજદારને નોકરીમાંથી બરતરફ કરવાની સજા યોગ્ય હોવાનું ઠરાવેલ છે. અરજદારે ખાતાકીય તપાસની કાયદેસરતા પડકારેલ ન હોય ત્યારે એક વર્ષ ઉપરાંતની પૂર્વમંજરી વિનાની ગેરહાજરી અને તેના કારણોની જાણ ન કરવા સબબ ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં આ કોર્ટને આઈ.ડી.એકટની કલમ–૧૧(એ) ની સત્તાનો ઉપયોગ કામદારની તરફેણમાં કરવાનું યોગ્ય જણાતું નથી. અરજદારે રજૂ કરેલ **કુરૂક્ષેત્ર યુનિવર્સિટી –વિ– પૃથ્વી સિંઘ, ૨૦૧૮ એલ.એલ.આર.–૩૭૧** ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે ૨૪૦ દિવસ પુરા કર્યા હોય તેવા ડેલીવેજરને ખાતાકીય તપાસ કર્યા વિનાં નોકરીમાંથી છૂટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર છે. પરંતુ આ કેસમાં કામદાર સામે ખાતાકીય તપાસ કરી ત્યારબાદ કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ આક્ષેપિત ગુના સંદર્ભે તેઓને નોકરીમાંથી બરતરફ કરવામાં આવેલ હોય, સદર ચુકાદો અરજદાર પક્ષને મદદરૂપ બનતો નથી. અરજદાર પક્ષે રજૂ કરેલ **મેસર્સ સ્કુટર ઈન્ડિયા લિ. –વિ– એમ. મહંમદ યાકુબ ૨૦૦૧ એલ.એલ. આર.– ૫૪** ના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે કામદાર સતત ૧૦ દિવસ ગેરહાજર રહયો હોય, તો કામદારે નોકરી છોડી દીધી છે તેવું માની શકાય નહિ અને કામદારને પુરા પગાર સાથે નોકરીમાં પુન: સ્થાપિત કરવાનો હુકમ યોગ્ય હોવાનું ઠરાવેલ છે. પરંતુ આ કેસની હકીકત, રજૂ પુરાવો અને ખાતાકીય તપાસના આક્ષેપોના સ્વીકારની હકીકત ધ્યાને લેતાં સદર ચુકાદો અરજદાર પક્ષને મદદરૂપ બનતો નથી.

**૧૯.** આમ આ કેસની હકીકતો અને પુરાવો ધ્યાને લેતાં કામદારને નોકરીમાંથી બરતરફ કરવાનો જે હુકમ કરવામાં આવેલ છે તે હુકમમાં આઈ.ડી. એકટની કલમ–૧૧(એ) અન્વયે હસ્તક્ષેપ કરી સજામાં ઘટાડો કરવાનું યોગ્ય જણાતું નથી. વધુમાં મૂળ કામદાર અવસાન પામેલ હોય અને આક્ષેપિત ગુના

સંદર્ભે નોકરીમાંથી બરતરફીની સજા યોગ્ય અને ન્યાયી હોય ત્યારે કામદારને પડેલા દિવસોનો પગાર આપી શકાય નહિ. તે સંજોગોમાં **મુદ્દા નં.૧** અને **મુદ્દા નં.૨** નો જવાબ ''**નકારમાં**'' આપી **મુદ્દા નં.૩** અન્વયે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

**૧.** અરજદારનો હાલનો રેફરન્સ (એલ.સી.એ.) **નં.૧૮૬/૨૦૦૮** ''**નામંજૂર**'' કરવામાં આવે છે.

**૨.** પક્ષકારોએ પોતાનો ખર્ચ પોતે ભોગવવો.

**૩.** લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી દ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલના એવોર્ડની પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તારીખ : ૨૨/૧૦/૨૦૨૪.
સ્થળ : અમદાવાદ.

(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)
પ્રમુખ અધિકારી,
મજૂર અદાલત નં.૧, અમદાવાદ.
**CODE–GJ00883**

HMPRAJAPATI:P.A.